જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૧/૨૦૧૮ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૩૯૫ લીટર, ૧૦૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૩ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૯ બીયરટીન, ૦૧ કાર, ૦૧ રીક્ષા અને ૦૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૩,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૬/૧૮**

**વેજલપુર :** સલમાન સ/ઓ સકીલભાઇ કરોલીવાલા (ઉ.વ.૨૬)(રહે,સીલીકોન વેલી સોસાયટી, વેજલપુર રોડ) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૧/૧૮ સવારના ૪/૦૦ થી તા.૧૩/૧/૧૮ સાંજનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમના લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને કાંડા ઘડીયાળ મળી કુલ રૂપીયા ૧,૦૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૭/૧૮**

**એલીસબ્રીજ :** ફહીમભાઇ ફેજુલમીયા કાદરી ઉ.વ.૪૩ રહે- ઘર નં.૩૪૬/એ,મસ્જીદની પાસે કાગદીવાડ એલીસબ્રીજ) એ તા.૧૩/૧/૧૮ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૫/૨૦૧૬ થી તા.૫/૧/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ વી.એસ.હોસ્પીટલ ની પાછળ આવેલ મહારાણા કોમ્પલેક્ષમાં દુકાન નં૨૯,૩૦ માં પોતાની “હોલીવુડ જીન્સ” નામની દુકાનમાં કામ કરતાં આરોપી (૧) મોહમદફેસલ મોહમદહનીફ મણીયાર (ઉ.વ.૨૧)(રહે,સુથારવાડાની પોળ રાજપુર ગોમતીપુર) અને (૨)હસન ઇકબાલભાઇ શેખ (ઉ.વ.૨૪)(રહે.આલ્યા ડુપ્લેક્ષ અલ અજબાબ પાર્ક મકરબા રોડ સરખેજ) ભેગામળી દુકાન ના કાઉન્ટર માંથી ટુકડે-ટુકડે રોકડા રૂપિયા ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

**ઇસનપુર :** અલ્પેશભાઇ શંશીકાંતભાઈ શ્રીમાળી (ઉ.વ.૩૮)(રહે,શક્તિનગર સોસાયટી, લાલ બંગલાની પાસે ગોવિંદવાડી ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૧/૨૦૧૮ રાતનાં ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અલ્પેશભાઇ સુતા હતા દરમ્યાન પોતાની દિકરી પાંઊ લેવા બહાર ગયેલ અને દરવાજો ખુલ્લો રાખીને જતા, અજાણી વ્યક્તિ ખુલ્લા ઘરમાં પ્રવેશ કરી રસોડામા રાખેલ તિજોરીમાંથી (૧)સોનાની મોહન માળાની કંઠી કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- (૨)સોનાની ઝુમરવાળી બુટી નંગ-૨ કિંમત રૂપિયા ૧૫૦૦૦/- (૩)સોનાની ઝુમરવાળી કડી કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- (૪)સોનાના ત્રણ સ્ટેપની બુટ્ટી કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- (૫) સોનાની વીંટી કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- (૬)સોનાની સાત કાટી કિંમત રૂપિયા ૭,૦૦૦/- (૭)કાનની સોનાની વાડી કિંમત રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.જી.માથુકિયા ચલાવે છે.

**નારોલ :** મહેન્દ્રકુમાર હનુમાનરામ ચૌધરી (રહે.નિલગીરી સોસાયટી, નિગમ બસ સ્ટેન્ડની સામે સ્મૃતિ મંદિર રોડ ઘોડાસર વટવા) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૧/૨૦૧૮ રાતનાં ૯/૦૦ થી ૯/૧૫ વાગ્યા દરમ્યાન ઇસનપુર બ્રીજની નીચે આવેલ જાહેર શોચાલયની બાજુમા રોડ ઉપર બાર થી પંદર વર્ષની ઉંમરના છોકરાએ મહેન્દ્રકુમારને “તમારી ગાડીમા ઓઇલ નિકળે છે” તેમ કહી, તેઓની નજર ચુકવી, મહેન્દ્રકુમારની સ્કોર્પિયો ગાડી માં વચ્ચેની શીટમાં મુકેલ બેગ કે જેમા રોકડા રૂપિયા ૨,૦૦,૦૦૦/-, અગત્યના દસ્તાવેજો તેમજ બેંક લોકરની અને ઓફીસની ચાવીઓ હતી તે બેગ ની ચોરી કરી લઇ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.રાઠોડ ચલાવે છે.

**મશીનમાં હાથ આવી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૯૮/૧૮**

**નિકોલ :** નિર્ણયસિંહ કેસરીસિંહ રાજપુત (ઉ.વ.૧૬)(રહે,દુકાન નં-૩ કર્ણાવતી દાબેલીની દુકાનમાં ટોલનાકા શ્યામશીખર ચાર રસ્તા બાપુનગર) તા.૧૨/૧/૧૮ સાંજના ૬/૨૫ વાગ્યાના સુમારે ખોડીયારનગર ચાર રસ્તા પાસે આવેલ સાગર ડેરી માં સાફ સફાઇ કરવાનુ કામ કરતા હતા દરમ્યાન શીખંડ બનાવવાના મશીનમાં નિર્ણયસિંહ નો હાથ આવી જતા લોહી નિકળતા, સારવાર અર્થે તેમને કાકડીયા હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૧/૧૮ સાંજના ૭/૩૦ વાગે તેમનું મૃત્યુનિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.કે.દેવમુરારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૯/૧૮**

**શાહપુર :** જયસુખ અંબાલાલ ડાભી (ઉ.વ.૨૮)(રહે,શંકર ભુવન, યોગેક્ષ્વર ચોક શાહપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૨/૧/૧૮ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.વી.બારીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.